ઘનઘોર વાદળ - શહેરના વાતાવરણમાં બપોર બાદ અચાનક જ પલ્ટો આવ્યો હતો. જોરદાર પવન ફુંકાવવા લાગ્યો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા. એવુ લાગતુ હતુ કે હમણાં જ જોરદાર વરસાદ તુટી પડશે અને શહેર આખુ પાણી પાણી થઈ જશે પરંતુ જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તે અનુસાર વરસાદ વરસ્યો ન હતો.

આજથી વિધાનસભાનું ચોમાસું સત્ર આરંભાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આજે પ્રથમ દિવસે જ બે બેઠકો સાથે શરૂ થઈ રહ્યુ છે. પાંચ દિવસના આ ચોમાસુ સત્રમાં સરકાર તરફથી ૨૩ સરકારી વિધયેકો અને એક સંકલ્પ રજુ થનાર છે.

પ્રથમ દિવસે જ કોરોનાના સંક્રમણ સામે કોરોના વોરિયર્સની ભૂમિકાને બિરદાવતો સંકલ્પ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ રજુ કરવાના છે. બે કલાકનો સમય આ સંકલ્પ માટે ફાળવવામાં આવ્યો છે.

વિધાનસભાના આ ચોમાસુ સત્રમાં સભ્યોના પગાર કાપ અંગેના વિધેયક સહિતના મહત્વના વિધયેકો સરકાર રજુ કરનાર છે.

કોરોનાના સંક્રમણને લઈ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે સરકારે બેઠક વ્યવસ્થામાં પણ આમૂલ પરિવર્તન કર્યુ છે. ૭૦ થી વધુ ધારાસભ્યોની ગેલેરીમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે.

આજથી ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. ૨૧ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ચોમાસુ સત્ર મળી રહ્યું છે. હાલ કોરોના મહામારી ચાલી રહી છે. નાયબ સચિવ એબી કરોવાએ જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા શાસક પક્ષના સભાખંડમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવતી બેઠક વ્યવસ્થા એક ખુરશી છોડી બીજી ખુરશી પર બેસવાની વ્યવસ્થા કરાઈ છે. એક ખુરશી પર પટ્ટી લગાડવામાં આવશે. ખુરશી ખૂલે નહિ તે રીતે ફીક્સ કરવામાં આવી છે. ઉલ્લેખીય છે કે, ગઈકાલે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી.

૫ દિવસના સત્રમાં ૨૦ બિલો પર ચર્ચાનો નિર્ણય કરાયો છે. હાલના સમયે કોરોના વિશ્વ વ્યાપી પ્રશ્ન છે, તેથી પ્રથમ દિવસે કોરોના બાબતે અઢી કલાક ચર્ચા થશે. ૨૦ બિલ અને સંકલ્પ વગેરે પર કામકાજ સલાહકાર સમિતિમાં નિર્ણય થયો છે. પવિત્ર યાત્રા ધામ અંબાજીમાં વધુ સ્વચ્છ અને નોટિફાઇડ બિલ પણ સત્ર દરમિયાન લાવવામાં આવશે.

આ વખતે વિધાનસભામાં અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. કુલ ૧૭૧ ધારાસભ્ય છે. જેમાથી ૯૨ ધારાસભ્ય નીચે હશે. તો ૭૯ ધારાસભ્યોને ગેલેરીમાં સ્થાન અપાશે.

પહેલી વાર ચોમાસુ સત્રમાં કોઈ પણ મંત્રીના મુલાકાતીને પ્રવેશ નહિ અપાય. આ વખતે કોઈ પણ લોકો વિધાનસભા જોવા નહિ આવી શકે. એવા સંજોગોમાં મુલાકાતીઓને સ્પીકર ગેલેરી મનાઈ ફરમાવાઈ છે. ધારાસભ્યોના ડ્રાઈવર કે અન્ય કોઈ અંગત વ્યક્તિને પણ અંદર પ્રવેશ નહિ અપાય. ૨ અલગ અલગ દ્વારમા પ્રવેશ થઈ શકશે. અધિકારીઓ ધારાસભ્ય અને પત્રકારોને જ પ્રવેશ મળશે. વિધાનસભામાં અંદર ૨૫ પત્રકારો બેસી શકશે. પત્રકારો માટે અલગ વ્યવસ્થા કરી છે, જેની જવાબદારી માહિતી વિભાગને સોંપાઈ છે.

વિધાનસભા સત્ર પૂર્વે છ ધારાસભ્યો કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર માટે ધારાસભ્યોના આજે કરાયેલ એન્ટીજન ટેસ્ટમાં ૪ જેટલા ધારાસભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમાં ૩ કોંગ્રેસના અને એક ભાજપના સભ્ય હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત જે ધારાસભ્યો હાલ કોરોનાની સારવાર હેઠળ છે તેવા સભ્યોની સંખ્યા પણ ૩ થી ૪ હોવાનું જાણવા મળેલ છે.

આ ધારાસભ્યો ગૃહમાં આવી શકશે નહિ. આજે ૧૨૬ જેટલા ધારાસભ્યોનું ટેસ્ટીંગ સંપન્ન કરવામાં આવ્યુ છે.

આજે જે ચાર ધારાસભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમાં ભાજપના સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ, કોંગ્રેસના પુનાભાઈ ગામિત, વિરજીભાઈ ઠુમ્મર અને નાથાભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત હર્ષ સંઘવી, કનુભાઈ દેસાઈનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. હર્ષ સંઘવી સુરતમાં દાખલ થયેલા છે.

ઉ. ગુજરાત વીજ કંપનીની ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝન કચેરી બંધ કરવા મનપા સૂચના આપશે

જીઈબી કોલોની વિસ્તારને પણ સીલ કરવા અંગેની વિચારણા ચાલે છે

ગાંધીનગર, તા. ૨૦

જીઈબી કોલોની નજીક આવેલ ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની કચેરીમાંથી કોરોનાના સંક્રમિતોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને પગલે આ કચેરી બંધ કરવા માટેની સૂચના મનપા તંત્ર દ્વારા આપવા અંગેની ગંભીર વિચારણા ચાલી રહી છે અને આજે આ સૂચના જારી કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જીઈબી નજીક ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની કચેરીમાંથી સાતથી પણ વધુ કેસો કોરોનાના મળી આવ્યા છે. તંત્રની ચિંતા વધતા જતા કેસોને પગલે વધી છે. આ ડિવીઝનમાં લોકોની અવરજવર પણ થતી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ જીઈબી કોલોનીમાંથી પણ જે રીતે કેસોની સંખ્યા મળી રહી છે તેને ધ્યાને રાખી આખા કોલોની વિસ્તારને પણ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી સીલ કરવા બાબતે પણ મનપા તંત્ર દ્વારા વિચારણા ચાલી રહી છે.

રાજ્ય સરકાર સાથે સતત પરામર્શમાં રહેલ મનપાએ આ બાબતે સરકારનું ખાસ માર્ગદર્શન પણ માગ્યુ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર દ્વારા આગામી દિવસોમાં વધુ આકરા પગલાં લેવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

સલામતી શાખાના પીઆઈએ લમણે ગોળી મારી આપઘાત કર્યો

સચિવાલય બ્લોક નં.૨ સામે પાર્કિંગમાંથી કારમાંથી પીઆઈનો મૃતદેહ મળ્યો, સર્વિસ રીવોલ્વરથી પોતાની ગાડીમાં આપઘાત કર્યો, પરિવાર અને પોલીસ વિભાગ શોકમાં ગરકાવ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં પોલીસ ઈન્સ્પેકટરએ લમણે ગોળી મારી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પી.જે.પટેલ સચિવાલય સંકુલમાં સલામતી શાખામાં પીઆઈ તરીકે ફરજ

બજાવતા હતા. ગઈકાલે મોડી રાત્રે સચિવાલય બ્લોક નં-૨ સામે પાર્કિંગ ખાતે પોતાની ગાડીમાં જ સર્વિસ રિવોલ્વરથી આત્મહત્યા કરી લીધી હતી. તેમનો મૃતદેહ કારમાંથી મળી આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહને પીએમ અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો. આ સમયે પોલીસ અધિકારી-કર્મચારીઓ મોટીસંખ્યામાં સિવિલ ખાતે એકઠા થયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે અકસ્માતે મોત અંગે નોંધ કરીને આગળની તપાસ પીઆઈ જે.એચ.સિંઘવ ચલાવી રહ્યા છે. જયારે હાલ આપઘાતનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી.

મળતી વિગત મુજબ મુળ બાયડ પાસે આવેલા આકૃંદ ગામના અને સરગાસણ વિસ્તારમાં સંપદ પ્રાઈમ ફલેટ ખાતે પરિવાર સાથે રહેતા પ્રિતેશ જંયતિભાઈ પટેલ વર્ષ ૨૦૦૮ ની બેંચના ડાયરેકટ પીએસઆઈ તરીકે નિમણુંક પામેલા હતા.ત્યારબાદ પ્રમોશનથી પીઆઈ તરીકે બઢતી મળી હતી. અધિકારી તરીકે તેઓએ ગાંધીનગરના માણસા પોલીસ મથકમાં ફરજ બજાવી છે. તે ઉપરાંત રીડર શાખામાં પણ પીઆઈ તરીકે સેવાઓ આપી છે. હાલ તેઓ સચિવાલય સલામતિ વિભાગમાં

● અનુસંધાન પાન-૭ પર

દેશભરમાં સૌપ્રથમ અમદાવાદ સિવિલમાં કોરોનાગ્રસ્ત વયસ્કો માટે અલાયદા વોર્ડ શરૂ કરાયા

અમદાવાદ,તા.૨૦

કોરોના વાયરસની ગંભીરતા જોતા જેમાં પણ ખાસ કરીને વયસ્ક દર્દીઓના સ્વાસ્થયની દરકાર કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ.જે.પી. મોદી અને હોસ્પિટલના તબીબો દ્વારા કોરોના ડેડીકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં જીરીયાટ્રીક કોવિડ વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમા ૭૦ વર્ષથી વધુ ઉમ્ર ધરાવતા કોરાનાગ્રસ્ત દર્દીઓને અલાયદી સારવાર સાથે સારસંભાળ મળી રહે તે માટે રાજયસરકારના માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી છે. સામાન્યપણે હોસ્પિટલમાં બાળરોગ વિભાગ, સ્ત્રીરોગ વિભાગ તેમજ પુરુષ રોગના અલાયદા

● અનુસંધાન પાન-૭ પર

સુભાષભાઈ સોની અને અમૃતભાઈ પટેલ માહિતી કમિશનર તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૨૦

રાજયના સૌથી મોટા વહીવટી સંકુલ સચિવાલય કેડરના બે અધિકારીઓ સુભાષભાઈ સોની અને અમૃતભાઈ પટેલને રાજ્ય સરકારે માહિતી કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે.

આ બન્નેની નિમણુંક થતાં સચિવાલયના કર્મચારીઆલમમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

સચિવાલયના નિષ્ઠાવાન બંને અધિકારીઓની નોંધપાત્ર સેવાઓ વર્ષો સુધી સરકારને પ્રાપ્ત થઈ છે અને એટલે જ એમના અનુભવો, નિષ્ઠાના પગલે માહિતી અધિકાર પંચના કમિશનર તરીકે નિમણુંક કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમૃતભાઈ પટેલ નાગરિક પુરવઠા વિભાગમાં નિવૃત્ત થયા હતા.

ગ્રામીણ વિસ્તારમાં આજે સિનીયર સિટીઝનો વધુ સંખ્યામાં કોરોનામાં સપડાયા

ગ્રામ્ય વિસ્તારમાં ૨૩ નવા કેસ : ૨૬ ડિસ્ચાર્જ કરાયા : ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં પાંચ, કલોલમાં ત્રણ, માણસામાં ૧ કેસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં પણ જે રીતે મૃત્યુદર વધી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકામાંથી ૧૪, દહેગામમાંથી ૫, માણસામાંથી ૧ અને કલોલમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૫ વર્ષીય યુવાન તેમજ ૭૪ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે. કોલવડા ગામેથી આજે એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંધેજા ગામેથી એક ૭૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અંબાપુર ગામેથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાટ ગામેથી એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણ ગામેથી ખાનગી નોકરી કરતી ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

બી.એસ.એફ. આલમપુરમાંથી ૪૯ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુર ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પીંડારડા ગામેથી ૮૬ વર્ષીય નિવૃત્ત વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી બે કેસ મળ્યા છે. જેમાં સરકારી નોકરી કરતા ૩૪ વર્ષીય કર્મયોગી ઉપરાંત ૭૩ વર્ષીય નિવૃત્તનો સમાવેશ થાય છે.

ગલુદણ ગામેથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે એક સાથે પાંચ કેસ સામે આવતાં તંત્રની ચિંતા વધી છે. જેમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

દહેગામમાંથી આજે એક ૫૪ વર્ષીય વેપારી, ૬૦ વર્ષીય નિવૃત પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસપિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય ગૃહીણી, ૭૦ વર્ષીય બીજી ગૃહીણી તેમજ ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવયો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા અર્બન વિસ્તારમાંથી આજે ૪૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલમાંથી આજે ૩ કેસ નોંધાયા છે. આ ૩ એ કેસ અર્બન વિસ્તારમાંથી આવ્યા છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન-૨ વિસ્તારમાંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધ ઉપરાંત ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રએ આ ત્રણેય દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે.

જિલ્લાતંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસોમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે વધુ ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭૦૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૦૯ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૫૦૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હવે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની નીતિનું સઘન અમલીકરણ શરૂ કરવામાં આવ્યુ છે.

જીઈબી નજીક ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની કચેરીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધી

આજે નોંધાયેલા કેસોમાં જીઈબી કોલોનીમાં ૪ કેસ, સે. ૨૨ માં ૨ કેસ, સે. ૬ માં ૨ કેસ, સે. ૨ માં ૨ કેસ, સે. ૩ માં ૨ કેસ ઉપરાંત સે. ૨૯, સે. ૭, સે. ૪ અને સે. ૨૬ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સિમાડે આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડની કોલોનીમાંથી આજે એક જ દિવસમાં ચાર કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી જવા પામી છે. આજે શહેરમાં ૧૬ કેસ કોરોનાના નોંધાયા છે.

ગુજરાત વિદ્યુત બોર્ડ કોલોની નજીક આવેલ જીઈબીની ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની કચેરીના કર્મયોગીઓ સૌથી વધુ સંક્રમિત થયા છે. આથી જીઈબી કચેરીના કર્મયોગીઓમાં તેમજ કોલોનીમાં રહેતા પરિવારોમાં ભયની લાગણી ઉભી થવા પામી છે.

શહેરમાં આજે વધુ ૧૬ કેસ

આજે નોંધાયેલા કેસોમાં જીઈબી કોલોનીમાં ૪ કેસ, સે. ૨૨ માં ૨ કેસ, સે. ૬ માં ૨ કેસ, સે. ૨ માં ૨ કેસ, સે. ૩ માં ૨ કેસ ઉપરાંત સે. ૨૯, સે. ૭, સે. ૪ અને સે. ૨૬ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો છે તેથી તંત્રને થોડીક રાહત છે પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેનાથી શહેરમાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકા હવે સ્પષ્ટ થઈ રહી છે. તંત્રએ ટેસ્ટીંગમાં પણ વધારો કર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓની સંખ્યા વધી રહી છે તે હવે તંત્રની ચિંતાનો મુદ્દો બની ઉભરી રહ્યા હોય તેમ લાગે છે. કારણ કે આ દર્દીઓ હોમ આઈસોલેશનના નિયમોનું પાલન કરવામાં ચૂક થાય તો ટ્રાન્સમીશન વધી શકે છે.

જીઈબી કોલોનીમાં રહેતા અને ગ્રામ્ય ડિવીઝનમાં નોકરી કરતી ૫૨ વર્ષીય મહિલા, ૨૨ વર્ષીય મહિલા, ૬૫ વર્ષીય મહિલા તેમજ એક ૭૫ વર્ષીય ગૃહીણી કોરોનાથી સંક્રમિત થતાં આ ચારેય મહિલા દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૯ માંથી ૭૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

નરોડામાં ફરજ બજાવતા પીએસઆઈનું કોરોનાથી નિધન

પીએસઆઈ એએન ભટ્ટ ૧૨ સપ્ટેમ્બર સુધી ડ્યુટી પર હાજર રહ્યા હતા, આ દરમિયાન તેઓને તાવ આવ્યો હતો

અમદાવાદ,તા.૨૦

અમદાવાદમાં વધુ એક કોરોના વોરિયરનું મોત નિપજ્યું છે. નરોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈનુંનું કોરોનાના કારણે મૃત્યુ નિપજ્યું છે. કોરોનાની સારવાર દરમિયાન વહેલી સવારે પીએસઆઈ એએન ભટ્ટનું મોત થયું છે. આ નિધનથી સમગ્ર પોલીસ વિભાગમાં શોકનો માહોલ ફેલાયો છે. પીએસઆઈ એએન ભટ્ટ ૧૨ સપ્ટેમ્બર સુધી ડ્યુટી પર હતા. આ દરમિયાન તેઓને તાવ આવ્યો હતો. ૧૩ સપ્ટેમ્બરના રોજ તેઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેઓ હોમ ક્વોરેન્ટાઈન થયા હતા. જો કે આ સમય દરમિયાન તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી.

ત્યારબાદ તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અહી પણ તેઓની તબિયત વધુ લથડતા તેઓને નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ દરમિયાન તેઓનું આજે નિધન થયુ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧,૨૧,૯૩૦ પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યારે ૧ લાખ ૨ હજાર અને ૫૭૧ દર્દી સાજા થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે રાજ્યમાં કુલ ૩૭,૩૯,૭૮૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT®
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT® BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂ.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂ.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com